શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૩૫ • તા. ૯ ફેબ્રુઆરી થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

## તેરા તીર્થે ૧૬૦મો ધ્વજા મહોત્સવ સંપન્ન







જેના વ્યક્તિત્વમાં ધીરજનાં મૂળ રોપાયા હોય છે.
તેનામાં સ્વભાવિક રીતે જ સ્થિરતા, પરિપકવતા,
ખંત, ઉધમીપણું જેવા કેટલાય નોંધપાત્ર અને
ઉપયોગી જીવન મૂલ્યો આપો આપ પેદા થાય છે
અને વિકસે છે.

- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# નિશાન ચૂક માફ, નહીં નીચું નિશાન

કોઈપણ ધ્યેયને પામવા સૌ પ્રથમ તો લક્ષ બનાવવું પડે. ચિતને શાંત કરી, એકાગ્રતા રાખવી પડે. મનને અડગ કરી, મગજ મસ્તિક જો વિચાર વંટોળમાં અટવાયેલું હોય તો તેનું શમન કરીને સિધ્ધિ પામવા સાહસ ભર્યો પ્રવાસ આદરવો જોઈએ.

‘મન હોય તો માળવે જવાય’ આ વિધાન આપણે ઘણીવાર સાંભળ્યું છે. પણ ખરેખર આ વાક્ય પ્રત્યે વિચારવાનો ગહન પ્રયાસ કર્યો છે ખરો? મનની ખરી વ્યાખ્યા શું? મનની તાકત શું? અને મનની શક્તિ, મનનું સાર્મથ્ય કેટકેટલું છે તેની પ્રત્યે વિચાર કર્યો છે ખરો?

મનએ માનવીનો પ્રેરણા સ્ત્રોત છે. તેના આંતરપટમાંથી આપણને પ્રેરક સ્ત્રાવ મળતો રહે છે. હવે આ સ્ત્રાવને આપણે પોઝિટીવ લઈએ છીએ કે નેગેટિવ રીતે તે આપણી ઉપર છે. આમ મનનું રિમોટ કન્ટ્રોલ એ માણસ સિવાય બીજા કોઈ પાસે હોઈ જ ન શકે.

શાંત અને સરળ દેખાતા માનવમાં પણ આંતરશક્તિ જબરદસ્ત રહેલી છે. જે આંધીને પડકારી શકે છે, અંધકારને ભેદી શકે છે અને ઝંઝાવતને થંભાવી શકે છે. એટલે જ કોઈ અનુભવીએ લખ્યું છે કે કોણે કહ્યું, ‘નસીબ વિના બધા કામ આડા પડે, પ્રયત્નના અંતે તો ધોધ નીચેના પથ્થરમાં પણ ખાડા પડે.’

મન ચંચળ મર્કટ છે. જો તેને સુયોગ્ય માર્ગે વાળી શકીએ તો આપણને તાબે રહે છે નહિં તો આપણા પર અસવાર થઈ આપણને પૂરપાટ દોડાવે છે.

માણસના મનની અંદર કોઈપણ ઘટના વૈજ્ઞાનિક રીતે દ્રઢ મનોબળથી છપાઈ જાય છે. એ ઘટના આપણા જીવનમાં વહેલી કે મોડી બનીને જ રહે છે. માણસ જેવો વિચારતો હોય છે તેવું તેના જીવનમાં ઘટતું જ હોય છે. જેવા વિચારો આપણે રાખીએ તેવી ઘટના ઘટતી રહે છે. આ માટે જ કોઈપણ વાતનું લક્ષ સંધાન કરી રાખીએ તો ગમે તેવો વિકટ, વિશાળ કે વક્ર સમાન, વ્રજ સમાન લક્ષ પણ સુગમ, સરળ અને સહજ લભ્ય થઈ જશે. હકારાત્મક વલણ જ ધ્યેયને આપણા નજીક લાવે છે કે આપણને તેની નજીક પહોંચાડે છે. હકારાત્મક વલણ જ નિશાનને અચૂક વીંધે છે.

– જય જ્ઞાતિમૈયા

# તેરા તીર્થે ૧૬૦મો ધ્વજા મહોત્સવ સંપન્ન



તેરા તીર્થના શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુનાં જિનાલયની ૧૬૦મી વર્ષગાઠ મહાસુદ-૫ (વસંત પંચમી) શનિવાર તા. ૯-૨-૨૦૧૯ના શુભ દિને યોજાયેલ. વર્ષગાઠ પ્રસંગે બે દિવસીય મહોત્સવનું આયોજન પણ કરવામાં આવેલ.



પ્રથમ દિવસે મહાસુદ-૪ શુક્રવાર તા. ૮-૨-૨૦૧૯ સવારના ૯ કલાકે પ્રભુજીનાં ૧૮ અભિષેક તેજ દિવસે બપોરે ૩.૩૦ કલાકે વડીલ વંદના કરવામાં આવેલ, દ્વિતીય દિવસે મહાસુદ-૫ શનિવાર તા. ૯-૨-૨૦૧૯ સવારના ૯ કલાકે ધ્વજારોહણ કાર્યક્રમ સંપન્ન થયેલ. આ પ્રસંગે વિધી-વિધાન માટે શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાના બિદડાવાલા પોતાના મંડળ સાથે પધારેલ.

મહાજનવાડી સંકુલમાં આવેલ સાધાર્મિક ભક્તિ ભવન હૉલમાં વડીલોનાં ફોટાઓ તેમનાં પરિવારજનો તરફથી આપવામાં આવેલ તેને અનુસાંધિક વડિલ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

મહોત્સવ દરમ્યાન રહેવાની વ્યવસ્થા તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ આ પ્રસંગે અચલગચ્છાધિપતિ શ્રીના આજ્ઞાનુવર્તી મુનિરાજ પ.પૂ. મુનિરાજ મુક્તિરત્નસાગરજી મ.સા., પ.પૂ. સાધ્વીજી મોક્ષદર્શનાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ તેમજ તપાગચ્છીય સમુદાયનાં પ.પૂ.સાધ્વી શ્રી મોક્ષયશાશ્રીજી મ.સા. ઠાણા-૩ એમ ચતુર્વીધ સંઘની હાજરી હતી.

ધ્વજારોહણ-વડીલ વંદના પ્રસંગે-જીવદયા ટીપ-પાંજરાપોળ માટે રૂા.૧ લાખનું અનુદાન મળે. ધ્વજારોહણ પ્રસંગે ટોટલ ૧૫૦થી પણ અધિક જ્ઞાતિજનો નેત્રા / ભુજ/ અંજાર / ગાંધીધામ / વડોદરા / મુંબઈ વિ. સ્થળોથી પધારેલ.





# કચ્છ તેરા તીર્થમાં ધજાના દિવસ પૂર્વે વડીલ વંદનાનું આયોજન કરાયું



કચ્છ તેરા તીર્થમાં શનિવાર તા.૯ ફેબ્રુઆરી રોજે ધજાનો દિવસ છે. તેની પૂર્વ તા.૮ ફેબ્રુઆરી શુક્રવારે ગામાઈઓએ પોતાના વડીલો ને યાદ કરી પ.પુ.મુક્તિરત્નસાગરજી મ.સા ની નિશ્રામાં વિધિકાર ચંદ્રકાન્ત દેઢિયા સથવારે વડીલવંદના આયોજિત કરેલ.











॥ શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ ॥
મહારાષ્ટ્ર રાજ્યે ખાનદેશ મધ્યે ચાલીસગામ નગરે
શ્રી કચ્છી દશા ઓસવાલ શ્વે. જૈન દેરાસર આંગણીયે
વિશ્વમંગલકારી આત્મોદ્ધારક સર્વ જન હિતકારી
નૂતન તીર્થાધિપતિ શ્રી પદ્મપ્રભસ્વામિ પ્રતિષ્ઠા પ્રસંગે અષ્ટાન્હિકા મહોત્સવે
આત્માનંદિ આમંત્રણ
આજ્ઞા સામ્રાજ્ય
પાવનકારી નિશ્રા
પ.પૂ.આ.ભ.
શ્રી મહોદયસાગરસૂરિ મ.સા.
મહોત્સવ પ્રારંભ
સં.૨૦૭૫ મહા સુદ ૧૫
તા.૧૮ ફેબ્રુઆરી ૨૦૧૯
સોમવાર
પ્રભુ પ્રતિષ્ઠા
સં.૨૦૭૫ મહા વદ ૫
તા.૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯
રવિવાર
તારક નિશ્રા
અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની
શાંતમૂર્તિ પ.પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. ઠા.૪, જ્ઞાન પ્રેમી પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. ઠા.૨
શુદ્ધ સંયમી પ.પૂ. કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. ઠા.૩, સદાનંદિ પ.પૂ. હર્ષનિધીશ્રીજી મ.સા. ઠા.૨
અનંતનાથ ગાદિપતિ યતિવર્ય શ્રી મોતીસાગરજી
માર્ગદર્શન
ચાલીસગામ તીર્થોદ્ધારીકા પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.
નિમંત્રક
શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન શ્વે. દેરાસર વતી
મહોત્સવ સ્થળ
શ્રી પદ્મપ્રભસ્વામિ દેરાસર



ચાલીસગામ નગરે
પ્રતિષ્ઠા મહોત્સવનો
મંગલમય કાર્યક્રમ
મહા સુદ ૧૫
સોમવાર
તા.૧૮ ફેબ્રુ. ૨૦૧૯
પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની
પ્રથમ સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે
ગુરૂમૈયા વંદનાવલી
સ્મૃતિ મંદિર સ્થાપના
મહા વદ ૧
મંગળવાર
તા.૧૯ ફેબ્રુ. ૨૦૧૯
શ્રી સિદ્ધચક્ર
આરાધના
મહા વદ ૨
બુધવાર
તા.૨૦ ફેબ્રુ. ૨૦૧૯
શ્રી પ્રતિષ્ઠા
કુસુમાંજલી
મહા વદ ૩
ગુરૂવાર
તા.૨૧ ફેબ્રુ. ૨૦૧૯
શ્રી ભક્તામર
મહાપૂજન
મહા વદ ૪
શુક્રવાર
તા.૨૨ ફેબ્રુ. ૨૦૧૯
નવગ્રહ, અષ્ટમંગલ,
દશદિક્પાલ પાટલાપૂજન
તથા શ્રી નમિઉણ
મહાપૂજન
મહા વદ ૫
શનિવાર
તા.૨૩ ફેબ્રુ. ૨૦૧૯
શ્રી અઢાર અભિષેક
શ્રી પદ્મપ્રભસ્વામિ
મહાપૂજન
મહા વદ ૬
રવિવાર
તા.૨૪ ફેબ્રુ. ૨૦૧૯
શ્રી પ્રભુ પ્રતિષ્ઠા
શ્રી લઘુ શાંતિ
સ્નાત્ર
મહા વદ ૭
સોમવાર
તા.૨૫ ફેબ્રુ. ૨૦૧૯
દ્વારોદ્‌ઘાટન
શ્રી પદ્મપ્રભસ્વામિ નગર પ્રવેશ - પોંખણા - ગભારા પ્રવેશ પ્રભુ ભરાવવાના પ્રભુ પ્રતિષ્ઠાના લાભાર્થી
મા. મધુરીબાઇ ભવાનજી શિવજી લોડાયા પરિવાર (કચ્છ-કોઠારા)
સૌ. દીપા મનીષ, ચિ. ધ્રુવ-માનસ, સૌ. ચાંદની હિતેષ, ચિ. પલક-આદિ
સૌ. દીપ્તિ અનિલ ધરમશી - બારાઠ (ભાંડૂપ), સૌ. તૃપ્તિ કેતન નાગડા - સાંધવ (જલગામ)
નિમંત્રક
શ્રી કચ્છી દશા ઓસવાલ શ્વે. જૈન દેરાસર વતી
શેઠ શ્રી જવેરચંદ વેલજી મોમાયા - સાંયરા - ચાલીસગામ
માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા-વારાપધ્ધર-ચાલીસગામ

# પાલઘર સંઘમાં ગુરૂભગવંતોની પધરામણીનું ભવ્ય સામૈયું કરાયું





જ્યોતિષાચાર્ય ગુરૂદેવ સર્વોદય સાગરજી મ.સા.ના કૃપાવંત અધ્યાત્મયોગી ગુરૂદેવ રત્નસાગરજી મ.સા. અને યુવા મુનિ ગુણવલ્લભ સાગરજી મહારાજ સાહેબ આદિ થાણાનું તા.૫ ફેબ્રુઆરી મંગળવાર રોજે પાલઘરમાં પધરામણી થઈ તે પ્રસંગે સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત સાથે સામૈયું કરાયું. જેમાં સકળ સંઘના બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ત્યારબાદ બેસતા મહિનાનું આધિ, વ્યાધિ ઉપાધિ નિવારક મહામંગલકારી મહામાંગલિક થયું. આ પ્રસંગે મુંબઈ અને બહાર તેમજ પરિસર ક્ષેત્રના મોટી સંખ્યામાં ગુરૂભક્તોની વિશેષ ઉપસ્થિત રહી હતી. પૂ.ગુરૂદેવ આગળ પાલીતાણાની તરફ વિહાર કરશે.









# 'ભૂમિરાજ' વોટ્સએપ કે.ડી.ઓ. વકૃત્વ સ્પર્ધા (કોઈપણ ભાષા)

વકૃત્વ કલા દ્વારા શૈક્ષણિક સામાજિક, રાજકીય, ક્ષેત્રે સફળતા પ્રાપ્ત થઇ શકે છે. જ્ઞાતિના બાળકો, યુવાનોને પ્રોત્સાહન આપી સારા વકતા-પ્રવકતા બનાવવા 'ભૂમિરાજ' કે.ડી.ઓ. વકૃત્વ સ્પર્ધાનું વિવિધ વિભાગોમાં આયોજન કરવામાં આવ્યું છે. વિજેતાઓને આકર્ષક ઇનામો તથા ભાગ લેનાર દરેક સ્પર્ધકને રૂા. ૨૦૦/-નું આશ્વાસન ઇનામ આપવામાં આવશે. દરેક વિભાગ માટેની માહિતી અંગ્રેજીમાં નીચે મુજબ આપેલી છે તે ધ્યાનથી વાંચવા વિનંતી છે. વાલીઓએ આ સ્પર્ધાની માહિતી પોતાના બાળકોનો આપવા ખાસ ભલામણ છે.



## SPEAK KDOs SPEAK

On the basis of the feedback received from number of readers either on WhatsApp or on Phone or in person, the final Rules of this pioneering, novel and historic BHUMIRAJ WAPS WORLD KDO ELOCUTION AND ORATORY COMPETITION ON SOCIAL MEDIA are as under:

1. Any KDO between the age group of
   a. 5 (complete) to 10 (complete);
   b. 11 (Starting) to 15(complete);
   c. 16(Starting) to 25(complete);
   d. 26 and above.
2. They can speak (not recite or sing a poem) in any language of their choice;
3. They can speak (not recite or sing a poem) on any subject of their choice;
4. The duration of the speech should not be less than 4 minutes and not to exceed Five minutes for the age groups above 11 years. However, for the age group of 5 to 10, it will be minimum 3 minutes and maximum 4 minutes. All have to speak without anything in front or side of them. Fully exposed.
5. They should speak in front of the audience of at least 20 people who should also be captured in between on at least two occasions in the video and not in the beginning and end.
6. Age will be calculated on the basis of the date of sending the video.
7. A candidate will send only one entry in one language. However for record purposes they all will be clubbed and treated as one.
8. By 07-03-2019 or earlier all the willing candidates should send their EOI (Expression of Interest) by filling up the form giving the details mentioned in point No. 9 and send to the following WhatsApp Numbers or e-mail id. 98338 98368; 9449018009. ourbrotherhood@yahoo.co.in
9. Candidate has to give details relating to his/her Full Name and address, age, studies, school/ Office, e-mail id, Mobile number, bank account number where the prize amount is to be transferred along with branch code, latest photograph and two lines on the reason for his joining this competition. 10. If you are a professional speaker, lecturer, Teacher or those who address gatherings at least once a month on an average, please mention in the details. Your video lectures will be treated as models for the others as learning aids. Consequently, if they send their video speeches in advance, they will be circulated for the benefit of the participants. As they are mentors, they have to wait for prizes on some other occasions and not now.
11. The last date for receiving entries on WhatsApp or e-mail will be mid-night of31-03-2019.
12. The results will be announced by 30-04-2019.
13. The correspondence will be paperless.
14. Attempt will be made to send to all the parents the prize winning speeches of selected candidates and more, if it is technically feasible, fortheir study and further action.
15. For prize purposes videos in all languages will be consolidated and reviewed. There will not be any language wise prizes. The important factors which will be evaluated will be body language, confidence, delivery,
16. All the Participants who will send their video lectures will be given a consolation prize of Rs.200/-. Candidates who secure main prizes will not be considered for consolation prizes.
17. Prizes for each group, which should have at least 10 members each:- First prize Rs. 10,000/-, Second prize Rs. 5,000/-. Third Prize Rs. 2,500/- The prize winning speeches will be displayed on WA PS along with photographs of the parents of the winners in due course. Participation certificate will be given to all candidates. The respective Mahajans will be informed about the achievements of the Winners for necessary action at their end.
18. As a motivation to the local community institutions, who will organise, and encourage participants by organising tutorials, coaching by community speakers etc. will be given a recognition award of Rs. 5,000/-. if their candidate secures First Prize. If more than one candidate secure First Prize in different age groups from the same institution, the recognition award will be restricted to one only. It will be given to the area wherein the candidate has secured 2nd prize or so on. This is to recognise more Institutions. If no role is played by any institution and the candidate living in their area wins the first prize on his own, no recognition award will be given to that institution. For the sake of convenience, the community institutions which are playing a proactive role for this competition, should intimate their plans before 28-02-2019 positively. On that basis only Recognition Awards will be given. If nothing is sent, it will be presumed that they have not played any role.
19. A final jury of Three/ Five learned persons (from outside the community) will be made to review the entries and adjudge the winners. Their decision will be final.
20. Donations are welcomes. Donation Unit is Rs. 5,000/-and multiples thereof. Photos of donors will be displayed in WAPS.
21. The local Philanthropists may also encourage their local units for further motivation either by prizes or engaging coaches etc.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ શ્વેતામ્બર જૈન સંઘનો ઉપક્રમે સમૂહ વર્ષીય તપ પારણાનો કાર્યક્રમ

શ્રી અખિલ ભારત અચલગચ્છ શ્વે.જૈન સંઘના ઉપક્રમે વિ.સં.૨૦૭૫ના વૈશાખ સુદી ૩ અક્ષયતૃતિયા મંગળવાર તા.૭ મે,૨૦૧૯ના રોજ વર્ષીતપના સમૂહ ઈક્ષુરસ પારણાનું મુંબઈ મધ્યે આયોજન રાબેતા મુજબ કરવામાં આવ્યું છે. પૂ.અચલગચ્છાધિપતિજીના આજ્ઞાવર્તી પૂ.સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં ચતુર્વિધ સંઘના યોજાતા વર્ષીતપના સમૂહ પારણામાં સૌ તપસ્વી આત્માઓને પારણા માટે પધારવા સૌને ભાવપૂર્વક નિમંત્રણ છે.

સમૂહ પારણામાં નામ નોંધાવવા નિયત કરેલ ફોર્મ લઈ ભરીને સંઘના કાર્યાલયનું હુમાન બિલ્ડીંગ, ૧૧૦, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. સમય ૧૨ થી ૫, ફોન - ૨૩૭૨૯૩૦૪, મોબાઈલ - ૯૮૨૦૫૩૯૫૨૯માં આપી જવા.

સંઘ દ્વારા વર્ષીતપ તપસ્વીઓની તપસ્યા આરાધનાની અનુમોદના, વંદના અને સૌની શાતા સાથે સંઘના માનદ મંત્રીઓ દ્વારા જાણકારી અપાઈ છે.

# મુમુક્ષુઓનું સંયમ અનુમોદના ઉત્સવ, રાયપુર

૧૩-૧-૨૦૧૯ના ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર અને છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુરના સંયુક્ત પ્રયાસે પરમતારક શ્રી કુન્થુનાથ જિનાલયના પ્રાંગણે પહેલી વાર ૪૫-૪૫ મુમુક્ષાઓનું સકલ જૈન સંઘની હાજરીમાં દૂધ અને જલથી ચરણ પ્રક્ષાલન કરીને અભિવાદન અને બહુમાન કરવામાં આવેલ. આ કાર્યક્રમના મુખ્ય લાભાર્થી અ.સૌ. સેજલબેન હિતેશ મોતીચંદ શિયાડ હતા. સહયોગી લાભાર્થી ૧) માતુશ્રી મલ્યાબાઇ ઝવેરચંદ છેડા, ૨) માતુશ્રી મુરબાઇ ઝવેરચંદ લોડાયા, ૩) માતુશ્રી મંજુલાબેન રજનીકાંત મહેતા અને ૪) શ્રી શાંતિલાલજી સુરેશ કુમાર પોરવાલના પરિવાર હતા. અહીં પધારેલ ૪૫માંથી ૪૦ મુમુક્ષુઓની એક સાથે દીક્ષા મહોત્સવ માર્ચ ૨૦૧૯ માં મુંબઇ મધે ઉજવાસે, જેના સંપૂર્ણ લાભાર્થી માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર, મુંબઇ.

## જ્ઞાતિના આગામી કાર્યક્રમો

- સાંયરા : ૬-૭/૪/૧૯ મોમાઇ માતાજીની સમુહ પહેડી ભોઇમાની ગંધી બદલવાનો કાર્યક્રમ.
- મુલુંડ : ૨૦/૪/૨૦૧૯ લોડાયા પરિવારની છઠ્ઠી સામુહિક પહેડી
- વાંકુ : ૩૦-૪ થી ૨-૫-૨૦૧૯ લોડાયા પરિવારના કુળ દેવી સચ્ચાઇ માતા, સખત માતા અને ક્ષેત્રપાલ દાદા નૂતન દેવસ્થાન પ્રતિષ્ઠા કાર્યક્રમ
- સુથરી : ૯-૫ થી ૧૧-૫-૨૦૧૯ પાર્શ્વનાથ પંચકલ્યાણક, ધ્વજા આદિ કાર્યક્રમ
- માટુંગા : ૧૨-૫-૨૦૧૯ મોમાઇ માતાજીની ૯મી સમુહ પહેડી
- મોડપર : ૮ થી ૧૦-૬-૨૦૧૯ ત્રિદિવસીય પંચમ ધ્વજા મહોત્સવ

**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**

# પ.પૂ.આ.ભ. મહારાજ સાહેબની સૂરીપદની ૩જી વર્ષગાંઠની પાટ પરંપરા યોજાઈ

અચલગચ્છ જૈન સંઘ વસઈમાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્ર સાગરસુરીશ્વરજી મ.સા. ના સુરીપદની ૩જી વર્ષગાંઠે તા. ૭ ફેબ્રુઆરી ગુરૂવાર બપોરે ૨.૦૦ કલાકે પંડિતવર્ય પારસભાઈ શાહ દ્વારા પાટ પરંપરાનું વિશ્લેષણ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યું. જેમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓએ હાજરી આપી હતી અને મુનિભગવંતો ઉપસ્થિત રહ્યાં હતા.








# લજિતા ભરત ખોનાને ૪×૧૦૦ રિલેદોડમાં ગોલ્ડ

જખૌના મુલુંડવાસી શ્રીમતી લજિતા ભરત ખોનાને તાજેતરમાં નાશિક વિભાગ દ્વારા આયોજિત નેશનલ લેવલની નેશનલ એથ્લેટિક્સ ચેમ્પીયનશીપ ૨૦૧૯માં ૪×૧૦૦ રિલેદોડ ૧.૩૩.૬ સમય જીતિ લેતા ૬૦ + વય વર્ગમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો છે. ઉપરાંત એજ સ્પર્ધાના આજ વર્ગમાં ૪.૧૩.૦ના સમયમાં ૮૦૦ મીટરની રેસમાં બીજું સ્થાન મેળવતાં સિલ્વર મેડલ એનાયત થયો છે.

# ગાંધીધામથી વૈષ્ણોદેવી ટ્રેન

રેલ્વે મંત્રાલયે અમદાવાદ-જમ્મુ તાવી વચ્ચે દોડતી સર્વોદય એક્સપ્રેસને ગાંધીધામ સુધી લંબાવવાનો નિર્ણય લીધો છે. આથી કચ્છ વૈષ્ણોદેવી-કટરા સુધી રેલ સેવા શરૂ થશે પણ એ માટેની તારીખ હજી જાહેર કરાઇ નથી.

# શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ખંડવા

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ખંડવામાં અચલગચ્છના પૂ. સાધ્વી સમયગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૨ અમરાવતી ચાતુર્માસ સમાપ્તિ પછી બુરહાનપુર તરફથી ૨૬-૧-૨૦૧૯ના પધારેલ. ૫ દિવસ સ્થિરતા કરેલ અને વ્યાખ્યાન આપેલ. પૂનમના દિવસે જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામમાં ભાતા ચાલૂ કરવાની શિક્ષા આપેલ. આગામી મહાસુદ પૂનમ થી અત્રે ભાતા આપવાનો શુભારંભ થશે. મ.સા.એ ૧-૨-૨૦૧૯ના દિવસે માતમોર તીર્થ તરફ વિહાર કર્યું.

# કચ્છ મુંબઈ ટ્રેનોમાં વધારાના કોચ

પશ્ચિમ રેલ્વેએ કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી એક્સપ્રેસમાં વધારાના થર્ડ એસી કોચની મુદત વધારી છે. એસી એક્સપ્રેસમાં એક સેકન્ડ અને એક થર્ડ એસી કોચ જોડવાનો નિર્ણય કર્યો છે. આ મુદત અનુક્રમે ભુજથી ૨૮ ફેબ્રુઆરી, દાદરથી ૧ માર્ચ સુધી અને બાંદરાથી ૧ માર્ચ સુધી વધારવાનો નિર્ણય લીધો છે.

# માંડવી શહેરમાં અજિતનાથ જિનાલયે ધ્વજારોપણ કરાયો





કચ્છમાંડવી શહેરમાં તા. ૯ ફેબ્રુઆરી શનિવારે રોજે અજિતનાથ જિનાલયના ધ્વજારોપણ પ્રસંગ પ.પૂ. પૂર્ણભદ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર દીપકભાઈ કોઠારી અને સંગીતકાર કિશોર સંગાર સંગાથે ભવ્યતાથી યોજાયો. જેમાં સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ઉમળકાથી સહભાગ લીધો હતો.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન માંડવી સંચાલિત શ્રી અજિતનાથજી જૈન દેરાસરનું નિર્માણ તથા પ્રતિષ્ઠા ઠાકરશી વેરશી લોડાયા (પીર) સુથરી વાળા દ્વારા વિક્રમ સંવત ૧૯૩૭ મહાસદી પાંચમ ગુરૂવાર તા. ૩ ફેબ્રુઆરી ૧૮૮૧માં થયું હતું.









# પ.પૂ.સા.શ્રી આત્માગુણાશ્રીજી મ.સા. કાળધર્મ પામ્યા





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ.આ.શ્રી આત્માગુણાશ્રીજી મ.સા. (ઉ.વ.૯૩) બોંતેર જિનાલય કચ્છ મધ્યે તા.૩-૨-૨૦૧૯ રવિવાર રોજે કાળધર્મ પામ્યા છે. સંસારી નામ : લક્ષ્મીબેન, પિતા : શામજીભાઈ ધારશી ગાલા, સસરા : કાળુભાઈ દેવશી (બિદડા) દીક્ષા લીધી. સંવત ૨૦૨૦ના (૫૫ પર્વ દીક્ષા જીવન) દીક્ષા સ્થળ : અંજાર-કચ્છ, ગુરૂ : રત્નરેખાશ્રીજી મ.સા.

તેઓશ્રીની પાલખી યાત્રા તા.૪ ફેબ્રુઆરી સોમવાર રોજે બપોરે ૨.૩૦ કલાકે નીકળી હતી. બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકો ઉપસ્થિત રહી અંતિમ દર્શન કરી. સજળ આંખે વિદાય આપી હતી.









# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી આયોજિત ક્રિકેટ સ્પર્ધા રસપ્રદ રીતે સંપન્ન થઈ

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા આયોજિત મેઘકુમાર નરસી દોલત ક્રિકેટ સ્પર્ધા વર્ષ ૨૦૧૯ના ૩ ફેબ્રુઆરી રવિવાર રોજે ડોંબિવલીના ડી.એન.સી.ગ્રાઉન્ડમાં યોજાઈ. ક્રિકેટ સ્પર્ધા સહયોગી દાતાઓના સહયોગ અને જ્ઞાતિજનો ઉત્સાહપૂર્વક હાજરીથી અત્યંત સુંદર રીતે પરિપૂર્ણ થઈ.

સવારના ૯.૦૦ કલાકે સ્પર્ધાના શરૂઆત થઈ. જેમાં ૮ ટીમો વચ્ચે કુલ ૧૫ મેચો રમાઈ હતી. દરેક મેચ ૪ ઓવરની રખાઈ હતી. ટુર્નામેન્ટમાં ઘાટકોપર, કાંજુરમાર્ગ, ભાંડુપ, મુલુંડ અને સ્થાનિક ડોંબિવલીના ક્રિકેટરો ખંતપૂર્વક ભાગ લીધો હતો. બે ગ્રુપોમાં આઠ ટીમો વિભાજીત હતી. ૧૨ લીગ મેચ ૨ સેમી ફાઈનલ અને અંતે ફાઈનલ મેચ રમાઈ હતી. સ્પર્ધા સાંજે ૬.૩૦ કલાકે પરિપૂર્ણ થઈ હતી.

સવારે મેઘકુમાર નરશી દૌલત વતી તરૂણભાઈ ખોના, ડોંબિવલી મંડળના પ્રમુખ હેમંતભાઈ ધુલ્લા, ઉપપ્રમુખ ભૂપેન્દ્રભાઈ ડાઘા તથા કમિટીના સર્વ સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું.

સ્પર્ધા નિહાળવા અને ખેલાડીઓનો ઉત્સાહ વધારવા મુંબઈ મહાજનના સેક્રેટરી રમેશભાઈ લોડાયા, મંડળના ભૂતપૂર્વ પ્રમુખ વિરેન્દ્રભાઈ લોડાયા, ભરતભાઈ જીવાણી, કેતુલભાઈ પોલડીયા, જીજ્ઞેશભાઈ લોડાયા તથા વિનય ધરમશી ઉપરાંત નવીનભાઈ મૈશેરી નલિયા નિવાસી ડોંબિવલી મિત્ર મંડળ, શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી અને શ્રી યંગસ્ટર ગ્રુપ ડોંબિવલીના સૌ સભ્યો પધાર્યા હતા.

સ્પર્ધા પૂર્ણ થયા બાદ વિજેતાઓને ટ્રોફી એનાયત કરાઈ હતી.

મુલુંડના યંગ સ્ટર ટીમ વિજેતા, ભાંડુપની યુથ સ્ટાઈકર ટીમ રનર્સ અપ રહી હતી. વ્યક્તિગત વિજેતા ખેલાડીઓ રહ્યા હતા. મેન ઓફ ધી સિરીઝ ભાવિકા લોડાયા (યુથ સ્ટાઈકર, ભાંડુપ), બેસ્ટ બેટસમેન હરીશ લોડાયા (રામાપીર), બેસ્ટ બોલર વિનીત નાગડા (યંગસ્ટર, મુલુંડ), બેસ્ટ ફિલ્ડર મિત નાગડા (યંગ સ્ટાર ટીમ, મુલુંડ).

સ્કોરર તરીકે મનોજ ખોના અને મનીષ લોડાયા, કોમેન્ટરર તરીકે પ્રમ્નેશ નાગડા, ભૂપેન્દ્ર ડાઘા અને વિપુલ મોમાયાએ સેવા આપી હતી. સમગ્ર આયોજનમાં વિશ્વજીત લોડાયા, મુકેશ વિકમશી તથા દરેક મેમ્બરનો સુંદર સહયોગ મળ્યો હતો. ખેલકૂદ સમિતિ કન્વીનર નિલેશ શિવજી મૈશેરી (વારાપધ્ધર)એ ખૂબજ સુંદર વ્યવસ્થા કરી હતી. સવારે ચા-નાસ્તો, બપોરના સ્વાદિષ્ટ ભોજનની ઉત્તમ વ્યવસ્થા રખાઈ હતી.




# માટુંગા નગરમાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલયની ૭૦મી વર્ષગાંઠ નિમિત્તે વિવિધ કાર્યક્રમ યોજાયા

શ્રી માંટુગા નગરે શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલયની ૭૦મી વર્ષગાંઠ પ્રસંગે સતરભેદી મહાપૂજા, પાટલા પૂજન સહ ધ્વજારોહણ વિગેરે કાર્યક્રમ ભાવપૂર્વક યોજાયા. પ.પૂ. સાધ્વીશ્રી અર્હત્કીરણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી પરહિતપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી વાચંયમાશ્રીજી મ.સા. આદિઠાણાની શુભનિશ્રામાં થયા. વિધિકાર નિખિલ હરિયા હતા. સંઘના ભાવિક શ્રાવક શ્રાવિકાઓની ઉમંગ ભરી ઉપસ્થિતીથી પ્રસંગ દીપયો હતો.













# ચાલીસગામ નગરે શ્રી પદ્મપ્રભ સ્વામી પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ચાલીસગામ દ્વારા મુળનાયક શ્રી પદ્મપ્રભ સ્વામી પ્રતિષ્ઠા મહોત્સવ સોમવાર તા.૧૮ ફેબ્રુઆરીથી સોમવાર તા.૨૫ ફેબ્રુઆરી સુધી આયોજિત કરાયેલ છે. ૧૧૦ વરસ પહેલાં જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા જિનાલયનું નિર્માણ કરાયું. વિક્રમ સંવત ૧૯૬૫ના મૂળનાયક શ્રી પદ્મપ્રભ સ્વામી સહ જિનબિંબોની ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા થઈ. સમયાંતરે જિનાલયનો જીર્ણોધ્ધાર પણ કરાયો. જિનાલયના શિખર સ્મરણીય વર્ષો ૨૫-૫૦-૭૫-૧૦૦ વષોની ઉજવણી તે તે સમયે વડીલોએ ભવ્યતાથી કરી.

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના અંજન, મંગલ આશિષ સાથે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયાસાગરસૂરિ મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં સિધ્ધાચલ સ્નેહી પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. ચાલીસગામના ગુરૂમૈયા, પ.પૂ.ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની દિવ્યકૃપા, તત્વ રસિક પ.પૂ.જયધર્માશ્રીજી મ.સા.ના શુભાશીર્વાદ, અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની શાંતમૂર્તિ પ.પૂ.સંયમગુણાશ્રીજી મ.સા.ઠા.૪, જ્ઞાન પ્રેમી પ.પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા.ઠા.૨, શુધ્ધ સંયમી પ.પૂ.કલ્પપૂર્ણાશ્રીજી મ.સા.ઠા.૨, સદાનંદિ પ.પૂ.હર્ષ નિધિશ્રીજી મ.સા.ઠા.૨ અનંતનાથ ગાદીપતિ યતિવર્ય શ્રી મોતીસાગરજીના તારક નિશ્રામાં, ચાલીસગામ તીર્થોદ્ધારિકા પ.પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.હિમાંશુશ્રીજી મ.સા.ના મૂલ્યભર્યા માર્ગદર્શનથી પદ્મપ્રભ સ્વામિ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી થશે.

શરૂઆતે ૧૮ ફેબ્રુઆરી સોમવારે સવારે ૫ કલાકે પ્રભાતિયા એવં શહનાઈ વાદન સાથે મંગલ પ્રારંભ બાદ સ્નાત્ર પૂજા, કુંભ સ્થાપના, દીપક સ્થાપના, જવારા રોપણ, ગુરૂમૈયા વંદનાવલી સ્મૃતિ મંદિર સ્થાપના, સાંજે આંગી ભાવના તા.૧૯ ફેબ્રુઆરી મંગળવારે સિધ્ધચક્ર આરાધના, તા.૨૦ ફેબ્રુઆરી બુધવારે પ્રતિષ્ઠા કસુમાંજલિ, શ્રી ભક્તામર મહાપૂજન, તા.૨૧ ફેબ્રુઆરી રોજ ભક્તામર મહાપૂજન, તા.૨૨ ફેબ્રુઆરી શુક્રવાર રોજે નવગ્રહ પાટલા પૂજન, દશ દિક્પાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન અને નમિઉણ મહાપૂજન, તા.૨૩ ફેબ્રુઆરી શનિવાર રોજે અઢાર અભિષેક, શ્રી પદ્મપ્રભ સ્વામિ મહાપૂજન, તા.૨૪ ફેબ્રુઆરી રવિવારના પદ્મપ્રભ સ્વામિની ભાગ્યોદયી પ્રતિષ્ઠાના મુખ્ય કાર્યક્રમ સાથે નવકારશી સ્વામિ વાત્સલ્ય, ચોવિહારની વ્યવસ્થાનું સુંદર આયોજન છે. આ ભવ્ય ધર્મ અને ભક્તિ આયોજનનો લાભ લેવા સૌને આમંત્રણ શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ચાલીસગામ દ્વારા અપાયેલ છે.



# પાલઘર સંઘમાં થનારા મોટા આગામી આયોજનો

શ્રી આદેશ્વર શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, પાલઘર દ્વારા અધ્યાત્મયોગી પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને પ.પૂ. યુવા મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ની નિશ્રામાં મોટા આયોજનો આગામી સમય દરમ્યાન યોજાયા છે.

જેમાં તા.૨૦ માર્ચથી ૨૪ માર્ચ ૨૦૧૯ ૧૫ થી ૫૦ વર્ષ સુધીના શ્રાવક-શ્રાવિકાઓ માટે સોનગઢથી પાલિતાણા મહાતીર્થનો ભવ્ય છ'રી પાલિત યાત્રા સંઘ.

તા.૧૩ એપ્રિલ ૨૦૧૯ થી ૩૦મે ૨૦૧૯ કચ્છી સમાજના બાળકો યુવાનો માટે શાનદાર શત્રુંજ્ય તીર્થની ૯૯ યાત્રા યોજાશે. આ આયોજનમાં સંઘો, મંડળો, ગુરૂ ભક્ત પરિવારોએ સપ્રેમ પધારવું.

# દહાણુમાં મેરા પરિવાર સુખી પરિવાર શિર્ષક વિષે પ્રવચન યોજાયો

અચલગચ્છ શણગાર ગુણગુણોદય સર્વોદય ગુરૂવરના કૃપાવંત અધ્યાત્મ યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. અને ઓજસ્વી પ્રવચનકાર યુવામુનિ શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.નું તેજસ્વી અને જ્ઞાન વર્ધક પ્રવચન. મેરા પરિવાર સુખી પરિવાર શિર્ષક ઉપરે તા. ૮ ફેબ્રુઆરી શુક્રવાર રોજે રાતે ૯ થી ૧૦ દરમ્યાન દહાણુ અચલગચ્છ કચ્છી ઉપાશ્રય, વાસુકી એપાર્ટમેન્ટ, ઈરાની રોડ, દહાણુ મધ્યે યોજાયું.

દહાણુના વિવિધ ધર્મજ્ઞાતિના શ્રાવક શ્રાવિકાઓ સહપરિવાર પ્રવચન શ્રવણનો લાભ લઈ કૃતાર્થ થયા હતા.

# હાવેરી નગરસંઘને પ.પૂ.મુનિપ્રવર ધર્મપ્રભસાગરજી મ.સા. સ્થિરતાનો લાભ

ગુરૂગુણ ગુણોદય કલાપ્રભસાગરસૂરિ પરિવાર શણગાર વાત્સલ્ય વારિધિ મહાતપસ્વી દક્ષિણ રત્ન પૂજ્ય મુનિપ્રવર ધર્મપપ્રભ સાગરજી મ.સા. આદિઠાણા ૩ તા. ૬ ફેબ્રુઆરી બુધવાર રોજે હાવેરી નગરની ઈલાયચી બજાર સ્થિત શ્રી આદિનાથ જૈનમંદિરમાં સ્થિરતાના દર્શનવંદનનો લાભ સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ભાવ સભર રીતે લીધો હતો.


Since 1989

Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar

OLYMPIA
TRAVELS 'N' TOURS

" The One Stop Travel Shop, Right Where You Need It "

Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism

M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Derasar Lane | Ghatkopar East | Mumbai – 400077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
olympia_tours@hotmail.com; info@olympiatourism.in;
+91-93240 58413
www.olympiatourism.in

IATA Accredited Agent



Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794



WORK IS WORSHIP
MA OM PARIVAHAN PVT. LTD.

Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com

❖❖❖ WAREHOUSE ❖❖❖
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781

# સગપણ સેતુ

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.



આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**Matrimonial Details**

**Name : Lipika Premchand Shah**



**Family Background**

Father's Name : Late Mr. Premchand Shamji Shah (Nagda)

Mother's Name : Mrs. Vandana Premchand Shah

Native Place : Jakhau

Address : 103, Sai Avenue, Sai complex, Navghar Road, Mulund (East), Mumbai- 400 081.

Contact : Vandana – 9930762945/Lipika-9819744945

**Personal Details**

Date of Birth : 5th May, 1989

Time of Birth : 05:05

Place of Birth : Dombivli- Thane

Height : 5.00'

Complexion : Fair

Education : B.CAF (Bachelor of Commerce in Accounts and Finance)

Currently : Entrepreneur- Managing a trading business of Food flavours, Food Colours and Preservatives

Hobbies : Movies, Travelling and Cooking

Gyatimaiya KDO Mahajan Code No. G-5

**Matrimonial Details**

**Name : Mitesh Bharat Lodaya**



Father's Name : Bharat Padamshi Lodaya

Mother's Name : Pramila Bharat Lodaya

Dada/Dadi : Late Shri Padamshi Thakershi Lodaya

Late Shri Hirbai Padamshi Lodaya

Native Place : Moti Khavdi - Dist –Jamnagar (Halaar ) Gujarat.

Date of Birth : 4th October 1983 @ 16.15 PM.@ Goregaon Mumbai, Maharashtra.

Community : Shri Kutchi Dasa Oswal Jain Swetamber Murtipujak.

Sign : English –Libra, Sinh - Rashi

Present Address : Shree Ram Sankul Bld No.2, Flat No. 203 2nd Floor, Behind HDFC BANK, Achole Road, Nallasopara (E) Dist Palghar - 401 209

Contact No.: 9819547206 , 9819547297.

Education: 1) S.S.C. Pune Board.

2) Diploma in Multi-Media from Arena Multi Media Institute Mumbai.

Occupation : Serving as relationship manager with franchisee of Reliance Securities Ltd.

Interest : Music, Movies Reading and Travelling

Nana / Nani : Late Shri Jivraj Ramji Lapasiya Daltungi Halar Dist: Jamnagar Gujarat.

Shri Navalbai Jivraj Lapasiya Daltungi Halar Dist: Jamnagar Gujarat.

Height : 165 cms ( 5.6") • Weight : 62 kgs

Mangal / Sani : Mangal

I am Tall, Fair, Handsome, and Good Looking and Mixing Nature.

We believe in Kundli / Horoscope

Gyatimaiya KDO Mahajan Code No. B-17

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# મુંબઈ ધરા પર અલભ્ય, ઐતિહાસિક અવસર એક સામટે ૪૩ દીક્ષા મહોત્સવ

સદીઓના ઈતિહાસમાં સૌ પ્રથમવાર મુંબઈની પાવન ધરાપર એક સાથે ૪૩ દીક્ષાના મંડણ સ્વરૂપે આધ્યાત્મિક લગ્નોત્સોવે પાવના પ્રવજ્યાના અવસરે પ્રવજ્યા પાણિગ્રહણ વાટિકા ચીકુ ગ્રાઉન્ડ પ્રમોદ મહાજન સ્પોર્ટસ ક્લબ પાસે લિંક રોડ બોરીવલી (વેસ્ટ)માં શનિવાર, તા.૯ માર્ચ ૨૦૧૯થી તા.૧૩ માર્ચ ૨૦૧૯ બુધવાર પંચમો દિવસ સુધી આયોજન કરાયેલ છે.

પ્રથમ દિવસે સૂર્યોદય પૂર્વે પરમાત્મા પૂજ્યો અને મુમુક્ષોનો પ્રવેશ સાથે પ્રારંભ થઈ રોજે રોજે પ્રાસંગિક વ્યાખ્યાન, ગુરૂ ગુણ ગાથા, આરતી, સંધ્યાભક્તિ, સૂફી સંગીત, મહાપૂજા, મુમુક્ષોના અંતિમ વાયણ રજોહર પ્રદાન જેવા આયોજન ઉપરાંત રોજે રોજે ત્રણેય ટાઈમની સાધર્મિક ભક્તિનો લાભ રખાયેલ છે. અધ્યાત્મ પરિવાર દ્વારા સૌને ધર્મ લાભ લેવા હાર્દિક આમંત્રણ છે. માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર કચ્છ રાપર ગઢવારી હસ્તે અ.સૌ.નિશાબહેન હિતેશભાઈ મોતા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

Bipin Nagda
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.
India's Leading Agent
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
40 Years Experience in Mehendi
All Types of Mehendi & Personality Development
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station, Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com




● ગાંધીધામ કોલેજીએટ બોર્ડ આદિપુર સંચાલિત તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના ગણિત વિભાગ દ્વારા રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી અંતર્ગત કચ્છના સાયન્સ કોલેજોમાં વિદ્યાર્થીઓ વચ્ચે ક્વિઝ સ્પર્ધા આયોજન કરાયું હતું.

● ભુજ તાલુકાના લાખોંદ સ્થિત અજરામર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત બી.એમ.સી.બી. સ્કૂલ ઓફ નર્સિંગની છાત્રા કુ. સાયરાબાનુ અબ્બાસ રાયમા ગુજરાત ભરની ૨૦૦ થી વધુ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાંથી ૪૨૭૪ વિદ્યાર્થીઓમાં ૮૦.૩૩ ટકા માર્ક મેળવી પ્રથમ આવી છે.

● અમદાવાદ મુંબઈ વચ્ચે હાઈ સ્પીડ બુલેટ ટ્રેન દોડવાના પ્રકલ્પનું ભૂમિપૂજન થયા બાદ તે આગળ ધપી રહ્યો છે. ૩૨૦ કિલોમીટરની ઝડપે દોડનારી બુલેટ ટ્રેનને ભૂકંપના જરા માત્ર આંચકાથી ગમખ્વાર અકસ્માત ન સર્જાયએ માટે અત્યાધુનિક સિસ્મોલોજી મીટર ભૂકંપઝોન પાંચમાં આવતા વિસ્તારોમાં સેટેલાઈટ સાથે સંકળાયેલા સેફ્ટી સાધન લાતુર, રત્નાગીરી અને કચ્છ એમ ત્રણેય સ્થળે બે-બે લગાડવામાં આવે છે. જાપાનના તજજ્ઞોની ટીમ ગાંધીધામ, આદિપુર, અંજાર, ભચાઉ અને ભુજ ખાતે સર્વેક્ષણની કામગીરી કરી હતી. આને લીધે જો ભૂકંપનો આંચકો આવે તો ૩૨૦ ની ઝડપે દોડતી ટ્રેન આપ મેળે ઊભી રહી જશે.

● મુંદરા ખાતે બારોઈ રોડ પર આવેલા રામદેવ નગરખાતે આઠ કોટિ નાની પક્ષ જૈન સંઘ ખાતે ચંદન બાળા આરાધના ભવનનું ઉદ્ઘાટન કરાયું. આ પ્રસંગે તાલુકાના આજુ બાજુના ગામોના સર્વે સંઘોના શ્રાવક શ્રાવિકાઓ સામયિક કરીને ૧૦૮ લોગસની આરાધના કરી હતી.

● કેરા (તાલુકો ભુજ)ના નવચેતન અંધજન મંડળ આયોજિત તથા ફ્રેન્ડસ ઓફ કેરા યુ.કે.ના સૌજન્યથી દિવ્યાંગ રમતોત્સવનુ આયોજન કપિલ કોટ ગ્રાઉન્ડ કેરા ખાતે કરાયું. જેમા ૨૩ સંસ્થાઓના તથા ફિલ્ડના મળી ૧૬૦૦ જેટલા દિવ્યાંગોએ ભાગ લીધો હતો.

● ભુજ તાલુકાના વાડાસર ખાતેના ત્રણસદી પુરાણા જાગેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોધ્ધાર થતા દ્વિદિવસીય પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો, જેમાં દેવપૂજન, જલયાત્રા, મૂર્તિ, મંડપ પ્રવેશ, હોમહવન, મહાપ્રસાદ આદિ કાર્યક્રમ યોજાયા હતા.

● પૂર્વ મહેસુલ મંત્રી અને કચ્છના લોકનેતા પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કરની ૪૩ મી પૂણ્યતિથિ પ્રસંગે સ્કોલરશીપ વિતરણ અને પ્રેમજીભાઈ મેમોરિયલ સ્કોલરશીપ ૩૧ જેટલા વિદ્યાર્થીઓને એનાયત કરાઈ. ઉપસ્થિત અગ્રણીઓએ પ્રેમજીભાઈની પ્રતિમા તથા તૈલ ચિત્રને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

● માંડવી તાલુકાના ગઢશીશા ગામે વિકાસ સમિતિ સંચાલિત હાઈસ્કૂલના ૭૦૦ થી વધારે છાત્રો ધરાવતી હાઈસ્કૂલમાં માતા મણિબેનરતનશી વેલજી ગડાની સ્મૃતિમાં ૨૫૦ લીટરનું પાણી શુધ્ધીકરણ મશીન (આર. ઓ. પ્લાન્ટ) મુંબઈ સ્થિત ઉદ્યોગપતિ નવીનભાઈ રતનશી ગડા દ્વારા એક લાખના ખર્ચે બેસાડી અપાયું.

● માંડવી તાલુકાના નાના આસંબિયા ગામે આરોગ્ય સવલત વધારતા રૂ. ૧ કરોડના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભવનનું ઉદ્ઘાટન ધારા સભ્ય વીરેન્દ્ર જાડેજાના હસ્તે કરાયું.

● ગુજરાતી લોક સંગીતની કચ્છી કોયલ કહેવાતી ગાયિકા ગીતા રબારીનું લોક પ્રિયગીત રોણા શહેરમાં રે... યુ ટ્યુબ પર રીલીઝ થયા બાદ ૨૦ કરોડથી વધુ વ્યુ મળતા મેકઝીમમ ઈન્ડિયા દ્વારા ગોલ્ડ સર્ટિફિકેટ તથા મેડલ એનાયત કરાયો.

# જીવન ઘટમાળ

## • જન્મ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૧-૨૦૧૯ | ભાંડુપ | નવ્યા-ડીમ્પલ મયંક લોડાયા | સુજાપર | કન્યા |

## • જ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૨-૨૦૧૯ | ડોંબીવલી | દર્શન નવીનચંદ્ર લક્ષ્મીચંદ લોડાયા | માંડવી | ૩૩ |
| | લાતુર | આરતી નરેન્દ્ર લાલજી દંડ | લાખણીયા | ૩૦ |

## • આંતરજ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૨-૨૦૧૯ | ઘાટકોપર | કુણાલ ભુપેન્દ્ર ચંદ્રકાંત છેડા | નલિયા | ૨૪ |
| | ઘાટકોપર | શ્રી જયંતી લાલજી પલણ | નખત્રાણા | ૨૪ |
| ૦૫-૦૨-૨૦૧૯ | થાણે | દિનેશ જેસાભાઈ સવજી ગજોરા | મોટી રવ | ૨૫ |
| | મીરારોડ | ઉર્મિ રીખબચંદ જેઠાભાઈ ગોસર | ગોએરસમા | ૨૩ |
| ૦૬-૦૨-૨૦૧૯ | માટુંગા | જુવિન વિમલેશ કાંતિલાલ દંડ | સેવક ભરૂડિયા | ૨૬ |
| | અંધેરી | જયા પ્રેમકુમાર દયાનંદ વર્મા | જયપુર | ૨૭ |
| ૦૭-૦૨-૨૦૧૯ | કલવા | દેશાંક મનોજ કુલીનકાંત મોમાયા | વરાડિયા | ૨૯ |
| | કલવા | ભૂમિ જીતેન્દ્ર લાલજી નાગડા | સણોસરા | ૨૪ |
| ૦૯-૦૨-૨૦૧૯ | ડોંબિવલી | ચિંતન દિપક કલ્યાણજી મૈશેરી | જખૌ | ૨૭ |
| | ડોંબિવલી | વિદિતા શરદ ગોવિંદજી ગાવડે | સાવંતવાડી | ૨૬ |

## • જ્ઞાતિ લગ્ન •

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૧૨-૨૦૧૮ | મુલુંડ | દિપકકુમાર વસંત કેશવજી માલદે (ડાઘા) | દલતુંગી | ૨૭ |
| | ડોંબિવલી | અમીષા ગીરીશ કુંવરજી ધરમશી | ડોંબિવલી | ૨૭ |

## • ૭૯ સમૂહ લગ્ન •

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૦૧.૨૦૧૯ | ડોમ્બીવલી (ઈ) | અજય અશોક બાબુભાઈ લાપસિયા | દલતુંગી | ૨૬ |
| | ડોમ્બીવલી (વે) | ભાવિકા કાંતિલાલ પદમશી ડાઘા | દલતુંગી | ૨૫ |
| ૨૭.૦૧.૨૦૧૯ | ઉદયપુર | હિતેશ ચંદ્રેશ રામજી દંડ | સેવક ભરૂડિયા | ૨૮ |
| | ડોમ્બીવલી (ઈ) | હિરલ વિજય વિસનજી લોડાયા | મોટી ખાવડી | ૨૪ |
| ૨૭.૦૧.૨૦૧૯ | ડોમ્બીવલી (વે) | ભાવિન દિલીપ મેઘજી લોડાયા | વારાપધર | ૨૮ |
| | ભાંડુપ | કૃપા મહેન્દ્ર ગોવિંદજી મોમાયા | વારાપધર | ૨૩ |
| ૨૭.૦૧.૨૦૧૯ | દીવા | વિરલ હિતેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા | મોટી ખાવડી | ૨૮ |
| | ડોમ્બીવલી (વે) | એકતા દિનેશ શામજી માલદે | દલતુંગી | ૨૫ |
| ૨૭.૦૧.૨૦૧૯ | રાયપુર | રાજકુમાર પ્રવિણચંદ જવેરચંદ લોડાયા | સાંધાણ | ૨૬ |
| | ચાલીસગામ | હેતલ રાજેશ વેરશી શિયાડ | દલતુંગી | ૨૬ |
| ૨૭.૦૧.૨૦૧૯ | ડોડાઈચા | મયંક જીતેન્દ્ર જીવરાજ મોમાયા | સાંયરા | ૨૭ |
| | ભાંડુપ | મિતલ મધુકર ભવાનજી લોડાયા | સાંધવ | ૨૪ |

### ● આંતરજ્ઞાતિ લગ્ન ●

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૧૨-૨૦૧૮ | મુલુંડ | ચિંતન સુનીલ દેવજી છેડા | રાયણ | ૨૯ |
| | મુલુંડ | જીનલ ચાંપશી ડુંગરશી હેફા | જખૌ | ૨૮ |
| ૦૨-૦૧-૨૦૧૯ | મુલુંડ | અંકિત વસંત મેઘજી મોતા | કુઆપધર | ૨૭ |
| | મુલુંડ | પૂજા મોહન રામચંદ્ર દંડગવાલ | નાશિક | ૨૭ |

### ● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૨-૨૦૧૯ | માધાપર | કુલીનકાંત નારાણજી મોમાયા | વરાડીયા | ૮૬ |
| ૦૬-૦૨-૨૦૧૯ | ચેન્નઈ | મીના પ્રવીણ ડાઘા | વરાડીયા | ૭૩ |
| ૦૬-૦૨-૨૦૧૯ | નવી મુંબઈ | જયંતીલાલ જીવરાજ મોતા | સુથરી | ૭૦ |
| ૦૬-૦૨-૨૦૧૯ | બેંગલોર | લક્ષ્મીચંદ માલશી નાગડા | રંગપુર | ૮૭ |
| ૦૭-૦૨-૨૦૧૯ | વઢવાણ | હિરાચંદ મેઘજી મૈશેરી | રાપર | ૬૫ |
| ૦૮-૦૨-૨૦૧૯ | ભાંડુપ (પ.) | પુષ્પાબાઈ દામજી લોડાયા | બાંઢીયા | ૭૯ |
| ૦૮-૦૨-૨૦૧૯ | માંડવી આશ્રમ | કાંતીલાલ પદમશી દંડ | લાલા | ૭૯ |
| ૦૯-૦૨-૨૦૧૯ | ગોરેગામ (પ) | કુસુમબાઈ જયંતીલાલ નાગડા | નલિયા | ૭૧ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મુલુંડમાં પ્રથમવાર ફેક્ટરી આઉટલેટ શોરૂમ

## નવા કલેશન પર 10 % ડિસ્કાઉન્ટ



## અશ્વ એથનિક્સ

પ્રસંગ પરિધાનનું મથક

શેરવાની ● કુર્તા ● જેકેટ્સ ●સુટ

સગાઇ, લગ્ન પ્રસંગ જેમજ પાર્ટી અને વિવિધ પ્રસંગોને અનુરૂપ
આપને ગમતી ડિઝાઇન, કલર પસંદગી સાથે આપનો નિખારતું

પુરૂષોની પ્રથમ પસંદગી
ગ્રાહકની ઇચ્છા માંગ અને જરૂરિઆત અનુરૂપ પૌરૂષત્વને
નિખારતું પરિધાન એક્વારની મુલાકાત-સદાયનો થશે સંગાથ

વિશિષ્ટતા
કસ્ટમાઇઝ્ડ
ડિઝાઇન

ફેક્ટરી આઉટલેટ
૧૫ સી, શાંતિ ઇન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ, તાંબેનગર, મુલુંડ (વેસ્ટ)
સમય : સવારે ૧૧.૩૦ થી ૮.૦૦ (ગુરૂવારે બંધ)
વધુ વિગત માટે સંપર્ક
**Call : 8169873626**

ખાસ વિશિષ્ટતા-ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે. રાજનીતિ મોદી સુટ

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)

# VALID TILL 31/03/2019

* T&C APPLY





insurancekhoj.com™

**the ultimate stop for insurance ™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# karani

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO Gyatimaiya Weekly E-magazine KDO